RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 11 * Issue No. 226 *Date: 06.06.2025,Friday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## પૂર્વોત્તરમાં પૂર-ભૂસ્ખલન, ૧૧ દિવસમાં ૪૯ના મોત:MP સહિત ૨૫ રાજ્યોમાં વરસાદનું એલર્ટ; રાજસ્થાન અને ઓડિશામાં હીટવેવની ચેતવણી



દેશના ઉત્તરપૂર્વીય રાજ્યોમાં સતત વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલનની સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. બુધવારે આસામમાં પૂરમાં વધુ બે લોકોના મોત થયા. આ સાથે, ૨૪ મેના રોજ ચોમાસાના આગમન પછી રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. ૨૧ જિલ્લાઓમાં ૬.૮ લાખ લોકો પૂરથી અસરગ્રસ્ત થયા છે.અરુણાચલ પ્રદેશમાં અત્યાર સુધીમાં ૧૨ લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ૨ લોકો ગુમ છે. તેમની શોધખોળ માટે સર્ચ ઓપરેશન ચાલુ છે. છેલ્લા ૧૧ દિવસમાં પૂર્વોત્તર રાજ્યોમાં કુલ ૪૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. આમાં આસામમાં ૧૯, અરુણાચલ પ્રદેશમાં ૧૨, મેઘાલય અને મિઝોરમમાં ૬-૬, સિક્કિમમાં ૩, ત્રિપુરામાં ૨ અને નાગાલેન્ડમાં ૧ વ્યક્તિનો સમાવેશ થાય છે.અહીં, ચોમાસું હજુ પણ મહારાષ્ટ્ર-છત્તીસગઢ સરહદ પર અટવાયું છે. તે ૧૦ જૂન સુધીમાં મધ્યપ્રદેશ પહોંચશે, જોકે રાજ્યમાં વરસાદની મોસમ શરૂ થઈ ગઈ છે. બુધવારે, ભોપાલ, શાજાપુર, છિંદવાડા, રાજગઢ, સાગર, સતના, ધાર અને દમોહમાં વરસાદ પડ્યો હતો. રાજ્યમાં ૬ જૂન સુધી ઝરમર વરસાદ ચાલુ રહેવાની ધારણા છે.રાજસ્થાનમાં પણ બુધવારે ઘણી જગ્યાએ વાવાઝોડા અને વરસાદ પડ્યો હતો અને કરા પડ્યા હતા. જેના કારણે બાડમેર અને જેસલમેર સિવાય તમામ શહેરોમાં તાપમાન ૪૦ ડિગ્રીથી નીચે રહ્યું હતું. હવામાન વિભાગે ગુરુવારે રાજ્યના ૨૨ જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. ગુરુવારે કુલ ૨૫ રાજ્યોમાં વાવાઝોડા સાથે વરસાદનું એલર્ટ આપ્યું છે. ઓડિશા અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં હીટવેવની ચેતવણી પણ આપવામાં આવી છે. ૬ જૂન પછી રાજસ્થાનમાં તાપમાનમાં ૩ થી ૫ ડિગ્રીનો વધારો થવાની પણ શક્યતા છે.ગુરુવારે પણ મધ્યપ્રદેશમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટી જોવા મળશે. હવામાન વિભાગે ગ્વાલિયર અને રતલામ સહિત ૨૭ જિલ્લાઓમાં વાવાઝોડા અને વરસાદ માટે યલો એલર્ટ જારી કર્યું છે. ચોમાસાના આગમન પહેલા, રાજ્ય જૂનના પહેલા અઠવાડિયામાં ગરમીની અસર રહે છે. પરંતુ આ વખતે એવું નથી. અહીં વરસાદ શરુ થઈ ગયો છે. આગામી ૪ દિવસ માટે વાવાઝોડા અને વરસાદની ચેતવણી પણ આપવામાં આવી છે.

## ૨૪ કલાકમાં રાજયમાં કોરોનાના સૌથી વધુ ૬૪ કેસ નોંધાયા:દેશમાં ૪૮૬૬ કેસ, ૪૭ના મોત



દેશમાં કોરોનાના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. બુધવારે દિલ્હી અને ગુજરાતમાં સૌથી વધુ ૬૪-૬૪ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ઉત્તરપ્રદેશમાં ૬૩ અને પશ્ચિમ બંગાળમાં ૬૦ દર્દીઓ મળી આવ્યા હતા. આ રીતે, દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૪૮૬૬ અને મૃત્યુઆંક ૪૭ પર પહોંચી ગયો છે.આ દરમિયાન, કેન્દ્ર સરકાર આજે દેશભરમાં મોક ડ્રીલ કરશે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય રાજ્યોની હોસ્પિટલોમાં કોરોના સંબંધિત તૈયારીઓનું નિરીક્ષણ કરશે. આરોગ્ય સેવા મહાનિર્દેશાલયના મહાનિર્દેશક ડૉ. સુનિતા શર્માએ ઘણી બેઠકો પછી આ મોક ડ્રીલ કરવાનો નિર્ણય લીધો છે. મોક ડ્રીલમાં, દેશની મુખ્ય હોસ્પિટલોમાં ઓક્સિજન સપ્લાય, આવશ્યક દવાઓની સ્થિતિ અને વેન્ટિલેટરની વ્યવસ્થાનું પરીક્ષણ કરવામાં આવશે. આ પછી, કોરોનાની ચોથી લહેરની સ્થિતિમાં હોસ્પિટલોની તૈયારી માટે રેટિંગ આપવામાં આવશે.અગાઉ, ૨ જૂનના રોજ પ્રારંભિક મોક ડ્રીલ હાથ ધરવામાં આવી હતી. આમાં, હોસ્પિટલોને આરોગ્યસંભાળ માળખાની ઉપલબ્ધતા માટે રેટિંગ આપવામાં આવ્યું હતું. આમાં, લિક્વિડ મેડિકલ ઓક્સિજન ટેન્ક, પ્રેશર સ્વિંગ એડજોર્પશન પ્લાન્ટ અને મેડિકલ ગેસ પાઈપલાઈન સિસ્ટમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.દેશમાં કોરોનાના સૌથી વધુ એક્ટિવ કેસ કેરળ રાજ્યમાં છે. આને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે બુધવારે હોસ્પિટલો અને આરોગ્ય કર્મચારીઓ માટે ગાઈડલાઈન જારી કરી છે. આ અંતર્ગત, રાજ્યની તમામ હોસ્પિટલોમાં મોક ડ્રીલ કરવામાં આવશે. આ દરમિયાન, કોરોનાથી બચવા માટેની પદ્ધતિઓ જણાવવામાં આવશે. કેન્દ્રીય આરોગ્ય અને આયુષ રાજ્યમંત્રી પ્રતાપરાવ જાધવે કહ્યું- આરોગ્ય વિભાગ અને આયુષ મંત્રાલય સંપૂર્ણપણે સતર્ક છે. અમે બધા રાજ્યોમાં પરિસ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. અમે સંબંધિત સચિવો અને મંત્રીઓ સાથે વાત કરી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અગાઉના કોવિડ લહેરો દરમિયાન બનાવવામાં આવેલા ઓક્સિજન પ્લાન્ટ, ઝેં બેડ વગેરે જેવી બાબતોની સમીક્ષા કરવામાં આવી છે. કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવા માટે તૈયારીઓ ચાલી રહી છે.

## અયોધ્યામાં રામ દરબારની પહેલી ઝલક દેખાઈ : સુરતના વેપારીએ હીરા, સોના-ચાંદીના આભૂષણોનું દાન કર્યું



આજે અયોધ્યા રામ મંદિરમાં રામ દરબારની અભિજિત મુહૂર્તમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી છે. સીએમ યોગીએ રામ દરબારની પૂજા કરી. પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમ સવારે ૧૧.૨૫થી ૧૧.૪૦ વાગ્યા સુધી ચાલ્યો હતો. રામ દરબાર રામલલ્લાના ગર્ભગૃહની ઉપર, એટલે કે પહેલા માળે બનાવવામાં આવ્યો છે. સુરતના વેપારીએ હીરા, સોના-ચાંદીના આભૂષણોનું દાન કર્યું છે, જેને ચાર્ટર્ડ પ્લેનથી લાવવામાં આવ્યા હતા.એમાં ભગવાન રામ, માતા સીતા, ત્રણ ભાઈ - લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન તેમજ હનુમાનજીની મૂર્તિઓ છે. કાશીના પૂજારી જય પ્રકાશ ત્રિપાઠીએ ૧૦૧ પંડિતની મદદથી પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. મંત્રોચ્ચાર બાદ મૂર્તિઓની આંખો પરની પટ્ટીઓ ખોલવામાં આવી હતી અને તેમને અરીસો બતાવવામાં આવ્યો હતો. સુરતના ઉદ્યોગપતિ મુકેશ પટેલે રામ દરબાર માટે હીરા, સોના અને ચાંદીનાં ઘરેણાંનું દાન કર્યું છે.વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય ખજાનચી દિનેશ નાવાડિયાએ જણાવ્યું હતું કે દાનમાં મળેલાં ઘરેણાંમાં ૧૧ મુગટ, એક હજાર કેરેટના હીરા, ૩૦ કિલો ચાંદી, ૩૦૦ ગ્રામ સોનું, ૩૦૦ કેરેટ રુબીમાંથી બનાવવામાં આવ્યા છે. આ ઉપરાંત ચારેય ભાઈઓ માટે ગળાનો હાર, કાનના કુંડળ, કપાળનું તિલક, ધનુષ્ય-બાણ છે.આ આભૂષણો સરકારની મદદથી ચાર્ટર્ડ પ્લેન દ્વારા અયોધ્યા લાવવામાં આવ્યા હતા. આજે શ્રીરામ જન્મભૂમિ મંદિર ટ્રસ્ટને દાનમાં આપવામાં આવ્યા હતા. રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ એટલે કે ૪૯૮ દિવસ પહેલાં થઈ હતી.

## કચ્છના અંજાર નજીક 3 વાહનો વચ્ચે અકસ્માત, બેના મોત



. કચ્છથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. અહીં અંજાર-સતાપર રોડ પર એક ભયંકર અકસ્માત સર્જાયો હતો જેમાં ત્રણ વાહનો લપેટાઈ ગયા હતા. માહિતી અનુસાર એક પૂરપાટ ગતિએ દોડતી કારે અન્ય વાહનોને અડફેટે લીધા હતા જેના લીધે બે લોકો મૃત્યુ પામી ગયા હતા. આ અકસ્માતમાં અન્ય ચાર લોકો ઈજાગ્રસ્ત થયાની માહિતી મળી રહી છે. હાલમાં ઘાયલોને તાત્કાલિક સારવાર હેતુસર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. માહિતી અનુસાર અકસ્માત સર્જ્યા બાદ કારચાલક ફરાર થઈ ગયો હતો. કારચાલકે બેથી ૩ બાઈકને અડફેટે લીધી હતી. જેના લીધે ચારથી વધુ લોકો ઈજાગ્રસ્ત પણ થઈ ગયા હતા. જ્યારે બે વ્યક્તિના મોતની પુષ્ટી થઈ હતી. સ્થાનિકોએ કારચાલકને પકડવાનો પ્રયાસ કર્યો હતો પણ તે નાસી છૂટવામાં સફળ થયો હતો. ત્યારબાદ સ્થાનિકોએ આ મામલે પોલીસને જાણ કરી હતી જે બાદ પોલીસ ટીમ ઘટનાસ્થળે ધસી આવી હતી અને ૧૦૮ની મદદથી ઘાયલોને હોસ્પિટલ ખસેડ્યા હતા. ત્યારબાદ પોલીસે ફરાર કારચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## મનરેગા કૌભાંડ : ભાજપ મંત્રી બચુ ખાબડની જમીનો પર કામ કર્યા વિના ૩ કરોડની ચૂકવણીનો આરોપ

દાહોદ જિલ્લામાં મનરેગા કૌભાંડને પગલે સરકારને ગળે હાડકું ભરાયું છે. અત્યાર સુધી મંત્રીપુત્રો સામે આરોપ ઘડાયાં છે ત્યારે હવે ખુદ મંત્રી બચુ ખાબડ સામે પણ આંગળી ચિંધાઈ રહી છે. એવો આક્ષેપ થઈ રહ્યો છે કે, મંત્રી ખાબડની જમીનો પર વિકાસના કામો કરાયા નથી તેમ છતાંય રૂ.૩ કરોડ ચૂકવાયાં છે. દાહોદ જિલ્લામાં ધાનપુર તાલુકાના પીપેરો ગામમાં ૪૯૮ જેટલા સર્વે નંબરો છે જે પૈકી ૧૨ સર્વે નંબરના માલિક કૃષિ રાજ્યમંત્રી બચુ ખાબડ છે. અન્ય સર્વે નંબરની જમીન પોતાના પરિવારના નામે છે. આ બધીય જમીનો પર મનરેગાના કામો કરવામાં આવ્યા છે તેવું કાગળ પર દર્શાવાયું છે પણ સ્થાનિકોની લેખિત ફરિયાદ છે કે, મંત્રી અને પરિવારની જમીનો પર કોઈ કામ કરાયાં નથી. મહત્વની વાત છે કે, કૂવા, ચેકડેમ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ ઉપરાંત વનીકરણના કામો માટે વર્ક ઓર્ડર પર અપાયાં છે. એટલું જ નહીં, ક્યા સર્વેની નંબરની જમીન પર કયા કામો થયાં છે તે મનરેગાના પોર્ટલ પર વિગતો ઉપલબ્ધ છે. સ્થાનિકોનું કહેવુ છે કે,આ સર્વે નંબરની જમીનો મંત્રી અને તેમના પરિવારની છે. જે કામો મંજૂર કરાયાં છે તે પેટે રૂ. ૩ કરોડ ચૂકવાયાં છે તેવો વિધાનસભા વિપક્ષના નેતા અમિત ચાવડાએ આક્ષેપ કર્યો છે. તેમણે એમ પણ જણાવ્યું કે, જો નિષ્પક્ષ તપાસ થાય તો મંત્રીના તેમના પરિવાર અને ભાજપના સ્થાનિક નેતાઓની સંડોવણી બહાર આવે તેવી શક્યતા છે.

## ગ્રેટા થનબર્ગ ફરી એકવાર ચર્ચામાં, ગાઝામાં નરસંહાર વચ્ચે ઈઝરાયલ માટે માથાનો દુઃખાવો બની



ગાઝામાં ઈઝરાયલ દ્વારા કરવામાં આવી રહેલા મોટા નરસંહાર વચ્ચે લોટ, પાણી, દૂધ, દવાઓ, બાળકોના ડાયપર, સેનેટરી પેડ લઈને પાણીનું એક જહાજ ઝડપથી ગાઝા તરફ આગળ વધી રહ્યું છે. તેનું કારણ છે, ભૂખથી તડપતા અને મૃત્યુ પામી રહેલા લોકોને માનવતાવાદી સહાય પૂરી પાડવાનું છે. તેનો બીજો એક ઈરાદો ગાઝામાં નાકાબંધી તોડવાનો પણ છે. પરંતુ હવે તેના પર વિવાદ પણ શરૂ થઈ ગયો છે. આ વિવાદના કેન્દ્રમાં ગ્રેટા થનબર્ગ છે. આ જહાજનું નામ મેડલીન ગાઝાની પ્રથમ અને એકમાત્ર ફિશરવુમનના નામ પરથી રાખવામાં આવ્યું છે. આ જહાજ ૧ જૂનના રોજ ઈટાલીના સિસિલી બંદરથી નીકળ્યું હતું અને જો ઈઝરાયેલી નૌકાદળ કોઈ અવરોધ ઊભો ન કરે તો તે ૨૦૦૦ કિલોમીટરનું અંતર કાપીને ૭ જૂન સુધીમાં ગાઝા પહોંચી શકે છે, આ જહાજમાં મેડિકલ સુવિધાઓ, ખાદ્ય પદાર્થો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ છે. આ જહાજમાં ગ્રેટા થનબર્ગ ઉપરાંત ૧૧ અન્ય કાર્યકર્તાઓ પણ છે, જેમાં ફ્રેન્ચ સાંસદ રીમા હસન, જર્મનીના યાસ્મીન જાર, ફ્રાન્સના બાપ્ટિસ્ટ આન્દ્રે, બ્રાઝિલના થિયાગો અવિલા, ફ્રાન્સના ઉમર ફૈદ, પૈસ્કલ અને યાનીસ મહદી, તુર્કીના સૂયાબ ઓર્દૂ, સ્પેનના સર્ગિયો ટોર્બિયો, નેધરલેન્ડ્સના માર્કો વાન રેન્સ અને ફ્રાન્સના રેવા વિઆર્ડ સામેલ છે.ગ્રેટા થનબર્ગના આ ગાઝા પ્રવાસ પર ઈઝરાયલની સેનાએ વાંધો ઉઠાવ્યો છે.

## તંત્રી લેખ...

# સેવા ક્ષેત્રે ઝડપી વિકાસ : રેકોર્ડ ભરતી તેમજ નિકાસ માંગને પણ સતત ટેકો

અમદાવાદ : મે ૨૦૨૫માં ભારતના સેવા ક્ષેત્રનો વિકાસ પણ મજબૂત રહ્યો છે. ખાનગી સર્વેક્ષણ સંસ્થા એચએસબીસી અને એસએન્ડપી ગ્લોબલ દ્વારા જાહેર કરાયેલા ડેટા અનુસાર, સર્વિસીસ પરચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ) મે મહિનામાં વધીને ૫૮.૮ થયો છે, જે એપ્રિલમાં ૫૮.૭ હતો. જે દર્શાવે છે કે દેશનો સેવા ઉદ્યોગ સતત ૪૬મા મહિનામાં વિકાસના માર્ગ પર છે, કારણ કે પીએમઆઈ ૫૦થી ઉપર હોવો તે સંકેત છે કે આ ક્ષેત્રનો વિકાસ થઈ રહ્યો છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે મે મહિનામાં, ભારતીય કંપનીઓએ આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ જ મજબૂત માંગ જોઈ છે. આ વિદેશી માંગ છેલ્લા ૧૯ વર્ષમાં બીજા ક્રમની સૌથી ઝડપી હતી. ફક્ત મે અને જૂન ૨૦૨૪માં જ ઓર્ડર વૃદ્ધિ ઝડપી નોંધાઈ હતી. કંપનીઓએ અહેવાલ આપ્યો છે કે તેમને એશિયા, યુરોપ અને ઉત્તર અમેરિકા જેવા પ્રદેશોમાંથી મોટા પાયે ઓર્ડર મળ્યા છે. આ સૂચવે છે કે ભારતીય સેવાઓની સ્વીકૃતિ અને માંગ વૈશ્વિક સ્તરે સતત વધી રહી છે. સર્વે મુજબ, મે મહિનામાં કંપનીઓએ મોટા પાયે ભરતી કરી હતી. લગભગ ૧૬% કંપનીઓએ કહ્યું કે તેમણે સ્ટાફમાં વધારો કર્યો છે, જ્યારે ફક્ત ૧% કંપનીઓએ કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો કર્યો છે. આની અસર એ થઈ કે રોજગાર સર્જન દર આ સર્વેના ઈતિહાસમાં સૌથી વધુ ઊંચા સ્તરે પહોંચ્યો. એટલે કે, સેવા ક્ષેત્રમાં નોકરીની તકો ઝડપથી વધી રહી છે. જોકે, નવી ભરતીઓ, ઓવરટાઈમ ચુકવણીઓ અને કાચા માલ (જેમ કે ખાદ્ય તેલ, માંસ અને અન્ય ઘટકો)ના ભાવમાં વધારાને કારણે કંપનીઓનો ખર્ચ પણ વધ્યો છે. આનાથી તેમના નફા પર થોડી અસર પડી શકે છે.સર્વેમાં કહેવામાં આવ્યું છે કે નવા વેચાણ અને ગ્રાહકોની સાથે, જૂના ગ્રાહકો તરફથી પુનરાવર્તિત ઓર્ડર પણ આવવા લાગ્યા છે. કંપનીઓએ વેચાણમાં વધારા માટે જાહેરાતો, સારી સેવાઓ અને ગ્રાહકો સાથે બંધાયેલા વિશ્વાસને મુખ્ય કારણો ગણાવ્યા છે.

# બોટાદની મધુસુદન ડેરી ઉપર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો મુકતી જીલ્લાની સહકારી મંડળીઓના સંચાલકો

**બોટાદ દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. મધુસુદન ડેરીના નિયામક મંડળને સત્તા ઉપરથી બરતરફ કરવા જીલ્લાની ૨૦ કરતા વધુ દુધ ઉત્પાદક સહકારી મંડળીઓએ દેશના અને રાજ્યના સહકાર મંત્રી પાસે માંગ કરી.**

બોટાદની મધુસુદન ડેરીના ચેરમેન અને મેનેજીંગ ડિરેક્ટર સહિત નિયામક મંડળના સભ્યો ઉપર કરોડો રુપિયાના ગંભીર આરોપો મુક્યા જેવા કે,

૧. મધુસુદન ડેરીના વાઈસ ચેરમેન તેમની પત્ની અને પુત્રવધુ એમ એકજ પરિવારના ત્રણ સભ્યો મંડળી ચલાવે છે જે સહકારી પ્રવૃત્તીના પેટા કાયદા અને નિયમ વિરુદ્ધ છે.

૨. બીજા એક ડિરેક્ટર પોતે ત્રણ દુધ ઉત્પાદક મંડળી ચલાવે છે અને તે દુધનો વેપાર પણ કરે છે. સંઘના પેટા કાયદા મુજબ ડિરેક્ટર આ વ્યવસાય કરી શકે નહી.

૩. ગુજરાતના તમામ દુધ સંઘો કિલો ફેટમાં દુધ ખરીદે છે જ્યારે મધુસુદન ડેરી લિટર ફેટમાં દુધ ખરીદે છે જેને કારણે ૩% જેટલી દુધની વધ આવે છે અને મધુસુદન ડેરી હજાર લિટરે ૩૦ કિલો તગડો નફ્ફો કરે છે. આમ મધુસુદન ડેરી રોજનું ૧,૨૫,૦૦૦ કિગ્રા જેટલુ દુધની આવક સામે પ્રતિ લિટરે ૫૦ રુપિયા ભાવ ગણીએ તો ૧,૮૭,૫૦૦ રુપિયા જેટલી ખોટ દુધ મંડળીને રોજની જાય છે, આવું રાજ્યના કોઈ પણ સંઘમાં નથી.

૪. મધુસુદને ડેરી વર્ષે ૩ કરોડ લિટરથી વધારે દુધ ફેડરેશનને મોકલે છે. ત્યાથી પ્રતિ લિટર અંદાજીત ૨ રુપિયા જેટલો ભાવ ફેર મળે છે, જેની કિંમત વર્ષે ૫૦ થી ૬૦ કરોડ રુપિયા થાય છે. આ ભાવ ફેર દુધ ઉત્પાદક મંડળીઓને ચુકવવાનો હોય છે પરંતુ એક પણ રુપિયો આ પેટે મધુસુદન ડેરીએ ચુકવેલ નથી.

૫. મધુસુદન ડેરી દુધના ખરીદ ભાવ પાડોશી ડેરીઓ કરતા ૫૦ થી ૭૦ રુપિયા કિલો ફેટે ઓછા ચુકવે છે. દરરોજ ૬,૨૫૦ કિલો ફેટ દુધ ગણીએ તો રોજના ૩,૭૫,૦૦૦ રુપિયા અને વર્ષે ૧૩,૬૮,૭૫,૦૦૦ રુપિયા થાય અને દશ વર્ષે આ આંકડો ૧૩૬ કરોડ રુપિયા કરતા વધુ થાય છે. આ રકમ ઉપર માત્ર દુધ ઉત્પાદક સહકારી મંડળીઓનો અધિકાર છે. પરંતુ આ કરોડો રુપિયા તેને ન ચુકવીને મધુસુદન ડેરી સભાસદોનું આર્થિક શોષણ કર્યું છે.

૬. મધુસુદન ડેરીમાં દુધમંડળીઓને સભાસદ બનાવવામાં આવતી નથી.

૭. મધુસુદન ડેરીમાં કર્મચારીની ભરતીમાં, ખરીદીમાં, રુટ પરિવહનમાં, સિક્યુરીટીના કોન્ટ્રાક્ટ આપવામાં, પાણીના ટેન્કરનો કોન્ટ્રાક્ટ આપવામાં, બિલ્ડીંગ બાંધકામમાં અને ફેટ ઘટ કે વજન ઘટમાં ખુબ મોટા પાયે ભ્રષ્ટાચાર ચાલતા હોવાનો આક્ષેપ કરેલ છે.

૮. મધુસુદન ડેરીના નિયામક મંડળના મોટાભાગના ડિરેક્ટરો એક કરતા વધુ દુધ ઉત્પાદક મંડળીઓ ધરાવે છે. દુધનો વેપાર કરે છે અને દુધની અલગ-અલગ બ્રાન્ડમાં પેકિંગ કરીને વેચાણ કરે છે. આમ આ તમામ ડિરેક્ટરોને મધુસુદન ડેરીના વિકાસમાં, દુધ ઉત્પાદક મંડળીઓને સશક્ત બનાવવામાં કે દુધ ઉત્પાદકોને પુરતા પોષણક્ષમ ભાવ મળે તેમા કોઈ રસ નથી. માત્ર સહકારી ક્ષેત્રના ઓઠા નીચે અને સરકારના આશિર્વાદથી પોતાનો દુધનો ધંધો કરવામાં રસ છે.

આ તમામ ગંભીર આક્ષેપો બોટાદ જીલ્લાની દુધ ઉત્પાદક મંડળીઓના સંચાલકોનો છે કે બોટાદની મધુસુદન ડેરીના નિયામક મંડળની આપખુદશાહી, સગાવાદ, શામ-દામ-દંડ અને ભેદની વહિવટી માનસિકતાને કારણે બોટાદ જીલ્લાના પશુપાલકો અને દુધ ઉત્પાદકોને પુરતા પોષણક્ષમ ભાવ મળતા નથી અને તેઓ દુધની આર્થિક નુકશાની ભોગવી રહ્યા છે.

આ અંગે બોટાદ દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. મધુસુદન ડેરીની સભાસદ મંડળીઓ પૈકી ૨૦ થી વધુ મંડળીઓએ દેશના અને રાજ્યના સહકાર મંત્રીને, રાજ્યના મુખ્યમંત્રીને, સહકાર સચિવને, સહકારી મંડળીના રજીસ્ટારને, મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને મધુસુદન ડેરીના ભ્રષ્ટ વહિવટ અને આપખુદશાહીના વલણ સામે રજુઆત કરી છે.

આમ બોટાદ દુધ ઉત્પાદક સહકારી સંઘ લી. મધુસુદન ડેરીમાં કથિત ભ્રષ્ટાચારની જે રજુઆત અને માંગ બોટાદ જીલ્લાની દુધ ઉત્પાદક સહકારી મંડળીઓએ કરી છે તે અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા શ્રી મનહર પટેલ જણાવે છે કે રાજ્યની અંદર ભાજપા સરકારમાં સહકારી ભ્રષ્ટાચાર એ સરકારી ભ્રષ્ટાચાર બની ગયો છે. રાજ્ય સરકારને સહકારી ભ્રષ્ટાચાર ડામવામાં કોઈ રસ નથી. ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. ના સભાસદ એક પણ જીલ્લા દુધ સંઘ ભ્રષ્ટાચારથી આજે મુક્ત નથી. રાજ્યના મોટાભાગના જીલ્લા દુધ સંઘોમાં કરોડો રુપિયાના ભ્રષ્ટાચાર આચરવામાં આવેલા છે અને રાજ્યના સહકારી મંત્રાલયે તેની ગંભીર નોંધ પણ લીધેલ છે છતા આ તમામ જીલ્લા દુધ સંઘના ભ્રષ્ટાચારીઓને કોઈ સજા મળેલ નથી. આનુ મુખ્ય કારણ ભાજપા સરકારે સહકારી પ્રવૃત્તિઓમાં રાજનિતીનો રવૈયો અપનાવેલ છે. સહકારી ક્ષેત્રની ઘણી ચુંટણીઓમાં સત્તાધારી ભારતીય જનતા પાર્ટી તેનું પ્રતિક આપી ચુટણી લડાવી છે,અને તેના કારણે મોટાભાગની સહકારી સંસ્થાના સંચલકો ભાજપાના આગેવાનો છે એટલે આજે સહકારી ભ્રષ્ટાચાર એ સરકારી ભ્રષ્ટાચાર બની ચુક્યો છે. તેમા ભાવનગરની સર્વોત્તમ ડેરી હોય કે બોટાદની મધુસુદન ડેરી બાકાત નથી.

આમ મધુસુદન ડેરીના કથિત ભ્રષ્ટાચાર અને વહિવટી આપખુદશાહી સામે બોટાદ જીલ્લાની દુધ ઉત્પાદક સહકારી મંડ્ળીઓની રજુઆતને અગ્રિમતા આપી તેના ઉપર ઉચિત તપાસ કરવાના આદેશ કરવામાં આવે અને જવાબદારો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી રાજ્ય સરકાર પાસે કોંગ્રેસ પક્ષ માંગ કરે છે.

સામેલઃ બોટાદ જીલ્લાની દુધ ઉત્પાદક સહકારી મંડ્ળીઓની રજુઆત.

# મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગની સ્પેશિયલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડમાં પ્રવેશવાની તૈયારી

અમદાવાદ : ફંડ હાઉસ આગામી મહિનાઓમાં તાજેતરમાં શરૂ થયેલા સ્પેશિયલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડ સેગમેન્ટમાં પ્રવેશવાની તૈયારી કરી રહ્યા છે. ઘણા ફંડ હાઉસ તેમની નવી ઓફર માટે ઈક્વિટી અને હાઈબ્રિડ સેગમેન્ટ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તેઓ પરંપરાગત યોજનાઓથી આગળ વધીને તેમની ઓફર પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે.મ્યુચ્યુઅલ ફંડ ક્ષેત્રના સુત્રો મુજબ ઈક્વિટી અને હાઈબ્રિડ કેટેગરી વચ્ચે પસંદગી ત્રણ મુખ્ય પરિબળો રોકાણ ક્ષેત્રમાં હાલના ઉત્પાદન અંતર, આવી ઓફર માટે બજાર માંગ અને ફંડ




હાઉસ પાસે ઉપલબ્ધ સંસાધનો પર આધારિત છેઆવી પ્રારંભિક સ્પેશિયલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડ ઓફર આવતા મહિને કરવામાં આવે તેવી શક્યતા છે. બે એસેટ મેનેજમેન્ટ કંપનીઓ ક્વોન્ટ અને એડલવાઈસને તેના લાઈસન્સ મળ્યા છે. અન્ય ઘણી એસેટ મેનેજમેન્ટ કંપનીઓએ પણ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ પાસે લાઈસન્સ માટે અરજી કરી છે અથવા તે કરવાની પ્રક્રિયામાં છે.

પ્રોડક્ટના મોરચે, એડલવાઈસ અને એક્સિસે હાઈબ્રિડ સ્ટ્રેટેજી પસંદ કરી છે, જ્યારે ક્વોન્ટ અને એસબીઆઈ ઈક્વિટી પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓછામાં ઓછા ત્રણ અન્ય ફંડ હાઉસ ઈક્વિટી અથવા હાઈબ્રિડ ફંડ લોન્ચ કરવા માટે તૈયાર છે.વર્તમાન સ્પેશિયલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડ નિયમો સાત સ્પેશિયલાઈઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ ફંડ પ્રોડક્ટ્સને મંજૂરી આપે છેથ ઈક્વિટીમાં બે-બે (ઈક્વિટી લોંગ-શોર્ટ, ઈક્વિટી એક્સ-ટોપ ૧૦૦ લોંગ-શોર્ટ, અને સેક્ટર રોટેશન લોંગ-શોર્ટ), હાઈબ્રિડ (એક્ટિવ એસેટ એલોકેટર લોંગ-શોર્ટ અને હાઈબ્રિડ લોંગ-શોર્ટ) અને ડેટ કેટેગરીઝ.

# ભૂરાજકીય તણાવ વચ્ચે તુર્કીમાં ભારતીય કંપનીઓનો વેપાર યથાવત

અમદાવાદ : કેન્દ્ર સરકારે પાકિસ્તાનને ખુલ્લેઆમ સમર્થન આપવા બદલ તુર્કી પર દબાણ કર્યું હોવા છતાં, તુર્કીમાં કામ કરતી ભારતીય કંપનીઓ મક્કમ છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ડાબર ઈન્ડિયા અને જુબિલન્ટ ફૂડવર્ક્સ કહે છે કે વ્યવસાય ચાલુ રહેશે અને ભૂરાજકીય તણાવને કારણે કોઈ ફેરફાર કરવાની કોઈ યોજના નથી.ડોમિનોઝ પિઝાના ફ્રેન્ચાઈઝ માલિક અને તુર્કીની કોફી ચેઈન ચલાવનાર જુબિલન્ટ ફૂડવર્ક્સે કહ્યું કે તે વિસ્તરણ કરવાનું ચાલુ રાખશે. કંપની હાલમાં દેશમાં ૭૪૬ ડોમિનોઝ આઉટલેટ્સ અને ૧૬૦ કોફી સ્ટોર્સ ચલાવે છે. પરિણામો જાહેર કરતી વખતે, તેણે કહ્યું કે તે ૩૦ નવા ડોમિનોઝ અને ૫૦ નવા કોફી સ્ટોર્સ ખોલવાની યોજના



ધરાવે છે.ભારતીય કૃષિ સાધનો ઉત્પાદક, એક અગ્રણી કંપની, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની તુર્કીમાં ટ્રેક્ટર ફેક્ટરી છે. આ યુનિટ કંપનીના વૈશ્વિક વ્યવસાયનો એક નાનો ભાગ છે અને તેને કોઈપણ રીતે અસર થઈ નથી.કેપિટાલાઈન ડેટા અનુસાર, તમામ ભારતીય કંપનીઓમાં, રેડિંગ્ટનનું ૨૦૨૩-૨૪માં તુર્કીમાં સૌથી વધુ વેચાણ થયું હતું, ત્યારબાદ મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનું સ્થાન હતું. ગ્રાહક માલ ઉત્પાદક ડાબર ઈન્ડિયાએ ૨૦૧૦ માં સંપાદન દ્વારા તુર્કીમાં પ્રવેશ કર્યો હતો. તેણે કહ્યું હતું કે તે તુર્કીથી આ દેશમાં ઉત્પાદિત માલની નિકાસ કે આયાત કરતું નથી. તેથી, તેને વર્તમાન દ્વિપક્ષીય તણાવથી કોઈ જોખમ નથી.ગયા અઠવાડિયે, ભારતના નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશકે તુર્કીના વિમાન માટે ઈન્ડિગોની લીઝ છ મહિનાથી ઘટાડીને ત્રણ મહિના કરી હતી. ઈન્ડિગોએ છ મહિનાની લીઝ માંગી હતી. મેની શરૂઆતમાં, નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરોએ રાષ્ટ્રીય સુરક્ષાનો હવાલો આપીને તુર્કીના સેલેબી એવિએશન હોલ્ડિંગની સુરક્ષા મંજૂરી રદ કરી હતી. ઘણા ભારતીય એરપોર્ટ પર ગ્રાઉન્ડ હેન્ડલિંગ સેવાઓ પૂરી પાડતી કંપની હવે કોર્ટમાં કેસ લડી રહી છે.દરમિયાન, ટાટા ગ્રૂપની વોલ્ટાસ, જે તુર્કીના બેકો સાથે સંયુક્ત સાહસ ધરાવે છે, તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેનું સંચાલન સંપૂર્ણપણે ભારતમાં છે. કંપનીએ કહ્યું છે કે, અમારો વ્યવસાય કોઈપણ પ્રકારના ભૂ-રાજકીય વિકાસથી અલગ છે.

# ઓક્ટોબર ૨૦૨૬થી ૪ રાજ્યોમાં જાતિગત વસતિ ગણતરી

કેન્દ્ર સરકાર બે તબક્કામાં જાતિગત વસતિ ગણતરી કરશે. ગૃહ મંત્રાલયે બુધવારે જણાવ્યું હતું કે પ્રથમ તબક્કો ૧ ઓક્ટોબર, ૨૦૨૬થી શરૂ થશે. પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૪ પહાડી રાજ્યો- હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખમાં જાતિગત વસતિ ગણતરી હાથ ધરવામાં આવશે.

બાકીના રાજ્યોને ૧ માર્ચ, ૨૦૨૭થી બીજા તબક્કામાં આવરી લેવામાં આવશે. ગૃહ મંત્રાલયે તેની પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે જાતિ વસતિ ગણતરી સાથે વસતિ ગણતરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંબંધિત સૂચના ૧૬ જૂન, ૨૦૨૫ સુધીમાં સત્તાવાર ગેઝેટમાં પ્રકાશિત કરવામાં આવશે.



કેન્દ્રએ ૩૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ જાતિ વસતિ ગણતરી કરવાની જાહેરાત કરી હતી. આઝાદી પછી દેશમાં આ પ્રથમ જાતિ વસતિ ગણતરી હશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે જાતિ વસતિ ગણતરી મૂળભૂત વસતિ ગણતરી સાથે કરવામાં આવશે.

કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષો જાતિગત વસતિ ગણતરીની માગ કરી રહ્યા છે. દેશમાં છેલ્લી વસતિ ગણતરી ૨૦૧૧માં હાથ ધરવામાં આવી હતી. તે દર ૧૦ વર્ષે હાથ ધરવામાં આવે છે. તે મુજબ આગામી વસતિ ગણતરી ૨૦૨૧માં હાથ ધરવામાં આવવાની હતી, પરંતુ કોવિડ-૧૯ રોગચાળાને કારણે તે મુલતવી રાખવામાં આવી હતી.

ગૃહ મંત્રાલયે બુધવારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે જાતિગત વસતિ ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે.

ગૃહ મંત્રાલયે બુધવારે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે જાતિગત વસતિ ગણતરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે.

સામાજિક-આર્થિક વસતિ ગણતરી ૨૦૧૧માં હાથ ધરવામાં આવી હતી, ડેટા જાહેર કરવામાં આવ્યો ન હતો મનમોહન સિંહ સરકાર દરમિયાન ૨૦૧૧માં સામાજિક-આર્થિક અને જાતિગત વસતિ ગણતરી હાથ ધરવામાં આવી હતી. તે ગ્રામીણ વિકાસ મંત્રાલય, શહેરી વિકાસ મંત્રાલય અને ગૃહ મંત્રાલય દ્વારા હાથ ધરવામાં આવી હતી. જો કે, આ સર્વેક્ષણનો ડેટા ક્યારેય જાહેર કરવામાં આવ્યો ન હતો. ગ્રામીણ વિકાસ મંત્રાલયની વેબસાઈટ પર ફક્ત તેનો જીઝ-જી્ ઘરગથ્થુ ડેટા જાહેર કરવામાં આવ્યો છે.

૧૯૪૮ના વસતિ ગણતરી કાયદામાં જીઝ-જી્ની ગણતરી કરવાની જોગવાઈ છે. ઁ્ઝની ગણતરી માટે તેમાં સુધારો કરવો પડશે. આનાથીઁ્ઝની ૨,૬૫૦ જાતિઓનો ડેટા બહાર આવશે. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ, ૧૨૭૦ જીઝ અને ૭૪૮ જી્ જાતિઓ છે. ૨૦૧૧માં જીઝ વસતિ ૧૬.૬% અને જી્ ૮.૬% હતી.વસતિ ગણતરી ફોર્મમાં ૨૯ કોલમ, ફક્ત જીઝ-જી્ વિગતો ૨૦૧૧ સુધી વસતિ ગણતરી ફોર્મમાં કુલ ૨૯ કોલમ હતા. જેમાં નામ, સરનામું, વ્યવસાય, શિક્ષણ, રોજગાર અને સ્થળાંતર જેવા સવાલોનો સમાવેશ થતો હતો અને ફક્ત જીઝ અને જી્ કેટેગરીના સવાલો જ નોંધાતા હતા. હવે જાતિ વસતિ ગણતરી માટે તેમાં વધારાની કોલમ ઉમેરી શકાય છે.

જાતિઓની ગણતરી માટે કાયદામાં સુધારો કરવો પડશે ૧૯૪૮ના વસતિ ગણતરી કાયદામાં જીઝ-જી્ની ગણતરી કરવાની જોગવાઈ છે. ઁ્ઝની ગણતરી માટે તેમાં સુધારો કરવો પડશે. આનાથીઁ્ઝની ૨૬૫૦ જાતિઓનો ડેટા બહાર આવશે. ૨૦૧૧ની વસતિ ગણતરી મુજબ, ૧૨૭૦ જીઝ અને ૭૪૮ જી્ જાતિઓ છે. ૨૦૧૧માં જીઝ વસતિ ૧૬.૬% અને જી્ ૮.૬% હતી.

૨૦૨૩માં જાતિ વસતિ ગણતરીની માંગણી કરનારા સૌપ્રથમ વિપક્ષના નેતા રાહુલ ગાંધી હતા. આ પછી તેઓ દેશ અને વિદેશમાં ઘણી સભાઓ અને મંચોમાં કેન્દ્ર પાસેથી જાતિ વસતિ ગણતરીની માગ કરી રહ્યા છે.વૈષ્ણવે કહ્યું - કોંગ્રેસ હંમેશા જાતિગત વસતિ ગણતરીનો વિરોધ કરે છે કેન્દ્રીય મંત્રી વૈષ્ણવે કહ્યું, '૧૯૪૭થી જાતિગત વસતિ ગણતરી હાથ ધરવામાં આવી નથી. કોંગ્રેસ સરકારો હંમેશા જાતિગત વસતિ ગણતરીનો વિરોધ કરતી રહી છે. ૨૦૧૦માં સ્વર્ગસ્થ ડૉ. મનમોહન સિંહે કહ્યું હતું કે જાતિગત વસતિ ગણતરીનો મુદ્દો મંત્રીમંડળમાં ધ્યાનમાં લેવો જોઈએ. આ વિષય પર વિચાર કરવા માટે મંત્રીઓનું એક જૂથ બનાવવામાં આવ્યું હતું. મોટાભાગના રાજકીય પક્ષોએ જાતિગત વસતિ ગણતરીની ભલામણ કરી હતી. આ હોવા છતાં કોંગ્રેસ સરકારે જાતિ સર્વેક્ષણ કે જાતિગત વસતિ ગણતરી કરવાનો નિર્ણય લીધો ન હતો.જાતિગત વસતિ ગણતરીની માગ ક્યારે ઉઠાવવામાં આવી હતી?૮૦ના દાયકામાં જાતિ આધારિત ઘણા પ્રાદેશિક પક્ષો ઉભરી આવ્યા. આ પક્ષોએ સરકારી શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીઓમાં અનામત માટે ઝુંબેશ ચલાવી. આ સમય દરમિયાન યુપીમાં બસપા નેતા કાંશીરામે સૌપ્રથમ જાતિ સંખ્યાના આધારે અનામતની માગ કરી.

૧૯૭૯માં ભારત સરકારે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને અનામત આપવાના મુદ્દાની તપાસ કરવા માટે મંડલ કમિશનની રચના કરી. મંડલ કમિશનેઁ્ઝ માટે અનામતની ભલામણ કરી. આ ભલામણ ૧૯૯૦માં તત્કાલીન વડાપ્રધાન વિશ્વનાથ પ્રતાપ સિંહ દ્વારા લાગુ કરવામાં આવી હતી. આ પછી સામાન્ય વર્ગના વિદ્યાર્થીઓએ દેશભરમાં ઉગ્ર વિરોધ પ્રદર્શનો કર્યા.

# વિશ્વ ર્યાવરણ દિવસ નિમિત્તે મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ આંગણવાડીના ભૂલકાઓ સાથે પુનિતવન ખાતે વૃક્ષારોપણ

"હરિયાળી વાવો, સમૃધ્ધિ પામો, વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવોના" સંકલ્પ સાથે ૫ જુને સમગ્ર વિશ્વમાં વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવામાં આવે છે. મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ગાંધીનગરમાં આવેલા પુનિતવનમાં આંગણવાડીના ભૂલકાઓ સાથે વૃક્ષારોપણ કર્યું હતું. ગાંધીનગરની બોરીજની ત્રણ આંગણવાડી કેન્દ્રોના ૯૨ બાળકો અને વાલીઓ સાથે મંત્રીશ્રીએ વૃક્ષારોપણ કર્યું હતું. આ ઉપરાંત શૌર્ય અને ઔષધીઓથી ભરપુર સિંદુરના



વૃક્ષોનું પણ વાવેતર કરવામાં આવ્યું છે.આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દરેક નાગરીકે પ્રકૃતિનું સંવર્ધન અને જતન કરવું જોઈએ. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણા રોજિંદા જીવનમાં પર્યાવરણ પ્રિય જીવનશૈલી અપનાવવા 'મિશન લાઈફ'ની પ્રેરણા આપી છે. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ગત વર્ષે પાંચમી જૂન, વિશ્વ પર્યાવરણ દિવસે 'એક પેડ માં કે નામ' અભિયાન શરૂ કરાવીને દરેક નાગરીકને પોતાની માતા સાથે મળીને કે માતાને અંજલી રૂપે એક વૃક્ષ વાવવા માટેનું આહવાન કર્યું હતું. એ આહ્વાન આગળ ધપાવતાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ 'એક પેડ માં કે નામ ૨.૦'ને શરૂ કરાવી, "પ્લાસ્ટિક મુકત બનવવા, ગ્રીન કવરેજ વધારવા"ની પહેલ સાથે પર્યાવરણ દિવસની ઉજવણી કરી હતી. આ પહેલ તમામ બાળકોથી માંડી યુવાનો અને પ્રજાજનો અપનાવે તેવો મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર
## દૈનિક સાહિત્ય સરિતા-
## આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO ::226**
વિષય:અભરખો.    શિર્ષક: મન થયું
રચના:પદ્ય        શબ્દો:૭૯

?મધરાતમાં વળી ઝાકળને ફૂલને મળવાનું મન થયું.
મહેકતા ઉપવનમાં ભમરાને ફૂલ ચુમવાનું મન થયું.

આવેલ જુવાનીમાં સ્વજનને બાહોમાં લઉં મન થયું
મને સાજનને સ્નેહથી તરબોડ કરી લવા મન થયું.

શરદ પૂનમે સજનીને સજનાને મળવાનું
મન થયું.
હા ચાંદનીમાં સજના સંગ પ્રેમમાં નાહવા
મન થયું.

આકાશમાં વાદળ ગરજ્યાં ને વરસવાનું
મન થયું.
વરસાદે સાજનના પ્રેમમાં તરબોળ જથવા
મન થયું.

દિલના અધૂરાં અભરખાઓને પુરા કરું,
મન થયું.
આખરમાં બંને દિલોનાં આત્મા મેળવવા
મન થયું.

સુભાષ ઉપાધ્યાય ‘મેહુલ’(અમેરિકા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 378**
વિષય: “અભરખા”
શીર્ષક: “નથી હોતા”
પ્રકાર: પદ્ય   શબ્દ સંખ્યા: ૭૯

બધા સપનાં કદી સાચા જ પડનારા નથી હોતા!
બહુ સારા થવાના અભરખા સારા નથી હોતા!

કબૂલાતો તમારી પણ હજુ મેં યાદ રાખી છે,
બધા ખુલાસા ખુલ્લેઆમ કરનારા નથી હોતા!

સમજથી પર અને બૌ અટપટી છે જિંદગી મારી,
અડીખમ હોય એવા અહીં ઉભનારા નથી હોતા!

મને સપનામાં પણ ફૂલો તું આપી જાય છે થોડાં,
ચમનમાં પણ ખુશ્બૂને સૌ પરખનારા નથી હોતા!

દુશ્મનોના વાર કરતા પણ હતા ભારે ઘા દોસ્તોના,
મળ્યા છે જે મને દોસ્તો, એ સૌ મારા નથી હોતા!

-રમેશ શર્મા ’વ્યોમ’.....અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 371**
વિષય : અભરખો
શીર્ષક:માના અભરખા
શબ્દો : ૧૨૦.   પ્રકાર : અછાંદસ

આખી જિંદગી ઓવારી દીધી ન કદી કોઈ આશા કરી,
એ મા ખુદના સંતાનોને માટે ખુલી આંખે સેવે કેટલાય અભરખા.

મા હોય પોતે અભણ કે માંડ બે પાંચ ચોપડી ભણેલી ગામડે,
એ માને ખુદના સંતાનોને શહેરમાં ભણાવવાના ઘણા અભરખા.

પોતે થીંગડા દઈને સાડી પહેરે નવી સાડી કદી ન ખરીદે,
એ માને સંતાનોને ઈસ્ત્રી ટાઈટ કપડાને ટીપટોપ જોવાના બહું અભરખા.

ભૂખી રહી સંતાનોના પેટ ભરે ભૂખ નથી કહી પાણીથી પેટ ભરે,
એ માને સંતાનોની થાળીમાં નિતનવી વાનગી પીરસવાના બહું અભરખા.

ખુદનું ન કદી વિચારે સંતાનો માટે ઉપવાસ એકટાણા કરે સતત,
સમય આવ્યે સંતાનના પ્રાણને બદલે પોતાની પ્રાણ ત્યાગવાના એને અભરખા.

શું કહે ચાંદની માંના અભરખા કેવાં બેહદ, બેજોડ ને હોય અનંત,
આવી માના ખોળે  રમવાના માટે ખુદ ભગવાન પણ કરે અભરખા.

ડૉ ભાવના એન જોષી "ચાંદની"વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSN 0089**
વિષય અભરખો
શીર્ષક. સદા બહાર
પ્રકાર ગદ્ય.   શબ્દ ૧૮૦

---

જીવન પ્રત્યેનો તારો અભિગમ મને ખૂબ ગમે. ભલે ને સમાચાર સુખના હોય કે દુઃખના તારો અભરખો મુખ પર છલકાય .

કંટાળો તારી નજીક ન સરે. આળસ તને ન અભડાવે, ચીંતા તે ચૌટે મૂકી છે. તારા અભરખા પૂરા કરતાં તારી મા ક્યારેય થાકી ન હતી. મારા પનીરે પડ્યા પછી એ મારી કામગીરી હું હોંશ પૂર્વક બજાવું છું .

તારી હાજરીથી સદા બહાર અનુભવતું મારું જીવન પ્રફુલ્લિત રહે છે. નિરાશા મને સ્પર્શતી નથી.  જ્યારે પણ એવા વિચાર આવે ત્યારે તારું સ્મિત સભર વંદન કમળ મારી નજર સમક્ષ તરી આવે.

ઘણીવાર વિચાર આવે, આવો અભિગમ રાખનાર પત્ની મને મળી. ખરેખર કુદરતનો આભાર માન્યા વગર રહી શકતો નથી. તને જ્યારે પરણ્યો ત્યારે શું હતું મારી પાસે?

તું આવીને જીવનમાં બહાર લાવી. તારા વડીલોનો આભાર માન્યા વગર રહી શકતો નથી. હું જાણું છું, તું મારી પરિસ્થિતિ વાકેફ છે.

તારા અભરખા હસતે મુખે પૂરા કરતાં મને આનંદ થાય છે. ખાનગી વાત કહી દંઉ તારી દુનિયા મારી ચારેકોર ઘુમતી હતી. વર્તુળના પરિઘ જેવો હું . મધ્ય બિંદુ તું અને અભરખા સઘળા ત્રિજ્યા જેવા. સાનમાં કહું તો આપણને બંનેને સાંકળી લેતાં.

કુટુંબને સાથે રાખી , સહુને રિઝવવાની તારી કળા પરમંશાને પાત્ર છે.  બસ, સાથ રહે ત્યાં સુધી આવીને આવી રહેજે.

પ્રવિણા કડકિઆ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 187**
વિષય : અભરખો
શીર્ષક : ઉચું લક્ષ્ય.
પ્રકાર : પધ  શબ્દો :૫૮

લક્ષ્ય ઊંચું રાખવું નીશાન તાકવાને કાજ.
સફળતાને પામવા રાખવો નવો અંદાઝ.

અભરખા મોટા રાખવા જીવન જીવવાને કાજ.
શમણાં આંખોમાં આંજવા ઉરમાં ઉમંગ કાજ.

પૂરાં કરવાની દોટ હોને મકકમ ડગલા ખાસ.
સાહસ સાથે ધીરતા ને સમતાના હો ધ્યાન.

કસોટીની એરણ એતો જીવનનો એક પ્રાસ.
હો વીરતા સાથે વિચક્ષણતા ને દૂરંદષ્ટિ ના રાજ.

મનોરથ તો થાય પૂરાં અંતરના બસ આમ.
સહજભાવે જીવન જીવો હૈયામાં રાખી હામ.
રચયિતા : ચારુલતા દોશી

# અહીં બક્ષિસ લાખની અને હિસાબ કોડીનો કરવામાં આવે છે!

આધ્યાત્મિક રીતે જોઈએ તો પરમેશ્વર એકડો છે. આપણે સૌ( બોસ,મારી સિવાય તમારે સમજવાનું ) મીંડા છીએ. જો પરમેશ્વર રૂપિયો છે તો આપણે પરચૂરણ છીએ!આજકાલ રૂપિયા કરતા પરચૂરણની બોલબોલા છે.પરચૂરણ ભગવાનના સ્થાનકો-મંદિર બનાવી ભગવાન એટલે રૂપિયાને ( ઉલ્લું ) બનાવે છે.છતાં કહે છે ઘડવૈયા મારે ઠાકરજી( રૂપિયો) નથી થાવું.આપણે ત્યાં ભૂતકાળમાં કોરી, દોકડો પાઇ અધેલી, અધેલો, કાણાવાળા સિક્કા નયા પૈસા( એક પૈસો) આના, બે પૈસા, પાંચ, દસ, પચ્ચીસ, પચાસ પૈસા ચલણમાં હતા. અત્યારે મોટા ભાગના સિક્કા સંગ્રહાલયની શોભા થઇ ગયા છે. સમજો કે શોભાના ગાંઠિયા થઇ ગયા છે. છતાં હજુ આપણે ગીત ગાઈએ છીએ કે “પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ તી, દર્શન દે નહીંતરમારૂ પાવલી પાછી દે” જેમાં આજીજી કરતાં ધમકીનો ભાવ છે.

કહેવતમાં પણ પરચૂરણનો છૂટથી ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે પાવલી પડી ગઇ. કોઈની ફિલ્મ ઉતરી જાય ત્યારે પાવલી પડી ગઇ એમ કહીએ છીએ. ચીકણાલેટ કે બહુ ગણતરીબાજ માટે કહીએ છીએ કે રૂપિયાના પાંચ અડધા શોધે છે!

અત્યારે ભલે આના પાઈનું ચલણ નથી પણ એક ફિલ્મમાં કિશોર કુમારે અલ્લડ અને મસ્તીભર્યું ગીત ગાયું છે. કિશોરને ઉધારીમાં નાસ્તો કરવાનો શોખ હતો. કેન્ટીન વાળા સૂરજમલ જયપુરવાલાની ઉધારી હજુ બાકી છે. ૫ રૂપિયા ૧૨ આનાની ઉધારી બાકી હતી. જેને પગલે કિશોરે આ શબ્દોને પોતાના ગીતમાં કંડાર્યા હતા. ચલતી કા નામ ગાડીમાં આ ગીતને સ્વર આપી ઉધારીનું ઋણ ચુકવ્યું હતું.!

એક ગીત- ભજનમાં “પાંચ રૂપિયાનું પરચૂરણ લીધું પાવલી પડી ગઈ ભજનમાં ભંગ પડ્યો મારા ભાઈ” ગાવામાં આવેલ છે. પાવલી શબ્દનો બીજા અર્થમાં પણ ઉપયોગ કરવામાં આવે છે. કોઈ નપુંસક કે બાયલો હોય તો તેને પાવલીછાપ કે પાવલી કહેવામાં આવે છે.તારક મહેતાના ઉલ્ટા ચશ્મા ફેઈમ પ્રસિધ્ધ હાસ્ય લેખક તારક મહેતા એની આત્મકથા ‘એકશન રીપ્લે’ માં પરચૂરણ બાબતે એક ઉલ્લેખ કરેલો છે તે મુજબ વાડાપોળમાં બાબાલાલભાઈની પરચૂરણ વસ્તુઓની દુકાન હતી. એ દુકાનમાં એવી અગણિત વસ્તુઓ હતી જેને વેચી શકાય. બાબાલાલે તારકને કામ સોંપ્યું. કામ એવું હતું કે જો તારક પરચૂરણનું પાકિટ વેચે તો આઠ આના અને મોટું પાકિટ વેચે તો એક રૂપિયો. તારકે મોટાભાગના પાકિટો સગાવ્હાલાઓને જ વેચી માર્યા. પૈસા મળ્યા, પોકેટ બુક પણ ખરીદાણી, પણ ન થવાનું થઈ ગયું. ઘરના લોકો સમજી બેઠા કે આવો બધો વેપાર કરે છે તો નક્કી છોકરો કોમર્સમાં આગળ વધશે. તારકના કોમર્સના પાયામાં તો આર્ટ્સની અંબૂજા સિમેન્ટ હતી.હમણા એક રાષ્ટ્રીયકૃત બેંકે ખેડૂતખાતેદારના દસ્તાવેજોમાં થોડી એન્ટ્રી કરાવી નથી.કારણ ? વેરી સિમ્પલ . લોન લેનાર ખેડુતની ૦.૩૧ રૂપિયાની એટલે એકત્રીસ પૈસા-૩૧ પૈસાની જંગી વસુલાત બાકી છે. તેમણે બે લાખ કે પાંચ લાખની લોન વ્યાજસહિત ચૂકવી આપી છે.અલબત,ચોપડે એકત્રીસ પૈસાની માતબર રકમ બાકી હોય તો લોન ક્લિયર કેમ ગણવી? પરિણામે જમીનના રેવન્યુ રેકર્ડ કેવી રીતે સુધારી શકાય?? એમ તો સરકારે વાવાઝોડા-તોફાનમાં વળતર તરીકે એક, બે, ત્રણ કે ચાર રૂપિયાના મોટામસ ચેક ચુકવ્યા હતા. જેમાં ચેક લખવાનો ખર્ચ બસોત્રણસો થયો હશે!

આપણે વેપાર-વણજમાં માસ્ટર છીએ.કરોડાના વેપાર કરીએ છીએ.આપણે વ્યવહાર અને બક્ષિસની ખાતાવહી અલગ રાખીએ છીએ. વેપાર અને બક્ષિસની ભેળસેળ કરતા નથી!

આપણે બક્ષિસ લાખની ( જો કે કોઈ લોકો બક્ષિસ આપતા નથી) અને હિસાબ (એક નંબરના હિસાબની વાત સમજવી . બે નંબર કે વધુ નંબરના હિસાબોની વાત સમજવી નહીં. પાછળથી કોઈ ટંટો કરવો નહીં!)કોડીનો કરવામાં આવે છે!વાંચકો તમે બક્ષિસ તરીકે અબજ કે કરોડ રૂપિયા ક્યારે અમારા ખાતામાં જમા કરાવો છો?એમાંથી તમને પાવાની ચાની પા પવાલાના પાંચ રૂપિયા બાદ કરવાની છૂટ છે હોં કે!

ભરત વૈષ્ણવ

# દ્વારકાના ગોમતી ઘાટમાં જામનગરના ૭ યુવક-યુવતીઓ ડૂબ્યા, એક યુવતીનું મોત

દ્વારકાની ગોમતી નદીમાં અવાર-નવાર યાત્રિકો ડૂબતા હોવાની ઘટના બનતી હોય છે. ત્યારે આજે જામનગરના સાત યાત્રીઓ ડૂબી જતાં દોડધામ મચી જવા પામી હતી. સાત યાત્રીઓમાં ચાર યુવક અને ત્રણ યુવતીઓનો સમાવેશ થાય છે. યાત્રીઓને ડૂબતાં જોઇ સ્થાનિક લોકો અને ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી. આ ઘટનામાં એક યુવતીનું મોત નીપજ્યું છે, જ્યારે ૬ યાત્રાળુઓને બચાવી લેવામાં આવ્યા છે. હાલ યાત્રાળુઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. નોંધનીય છે છેલ્લા એક મહિનામાં ડૂબવાની ત્રણ ઘટના બની છે. જેમાં ૩ દિવસ અગાઉ એક વૃદ્ધ ડૂબ્યા હતા જોકે સુરક્ષાકર્મીઓએ જીવ જોખમમાં મૂકીને વૃદ્ધને બચાવી લીધા હતા. જ્યારે અન્ય એક ડૂબવાની ઘટના ૨૧મે ના રોજ સર્જાઇ હતી. આ ઘટનામાં ત્રણ વ્યક્તિઓ ગોમતી નદીમાં ડૂબ્યા હતા. જેમાં પાટણના મામા-ભાણેજનું મોત નીપજ્યું હતું, જ્યારે એકનો બચાવ થયો હતો. ઉલ્લેખનીય છે કે એક તરફ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે તો બીજી આ પ્રકારની ગંભીર બેદરકારી સામે આવી છે. હાલ દ્વારકાના દરિયામાં કરંટ જોવા મળતો હોય છે. ત્યારે દરિયાનો પ્રવાહ ગોમતી નદીમાં વધુ જોવા મળતો હોય છે. ત્યારે આ બાબતે યાત્રીઓ અજાણ હોય છે. ગોમતી નદીમાં ન્હાવાનો મહિમા હોવાથી યાત્રીઓ સ્નાન કરવા ઉતરતા હોય છે. આ દરમિયાન ઘણીવાર યાત્રીઓ ડૂબી જતાં હોવાની ઘટના બનતી હોય છે.

# અસલી સિંદૂર ફેક્ટરીમાં નથી બનતું, પણ છોડ પર ઊગે છે! જાણો સંપૂર્ણ પ્રક્રિયા અને રોચક તથ્યો

છેલ્લાં ઘણાં સમયથી ઓપરેશન સિંદૂર ખૂબ ચર્ચામાં છે. પાકિસ્તાન સામે ભારતે આ નામ હેઠળ કાર્યવાહી કરી, જેમાં દુશ્મન દેશને કારમી હારનો સામનો કરવો પડ્યો. આ ઐતિહાસિક સફળતા બાદ સમગ્ર ભારતમાં વિવિધ કાર્યક્રમો યોજાયા અને અનેક મહત્ત્વપૂર્ણ જાહેરાતો પણ કરવામાં આવી. આ જાહેરાતો પૈકી એક છે ગુજરાતમાં ‘સિંદૂર વન‘ બનાવવાની પહેલ.



પરંતુ, સિંદૂર વન કેવી રીતે બનશે? ઘણાં લોકોને કદાચ એ પણ ખબર નહી હોય કે સિંદૂર પણ એક વનસ્પતિનો જ ભાગ છે! બજારમાં આપણે જે સિંદૂર જોઈએ છીએ તે મોટાભાગે કેમિકલ પ્રક્રિયા દ્વારા બનાવેલા ગુલાલ જેવું હોય છે. ખરું સિંદૂર એક ખાસ પ્રકારના છોડમાંથી મળે છે, અને આ જ છોડના વાવેતર દ્વારા સિંદૂર વનનું નિર્માણ કરવામાં આવશે. આ પહેલ પર્યાવરણ સંરક્ષણની સાથે આપણા સાંસ્કૃતિક વારસાને પણ ઉજાગર કરશે.

ભારતમાં સિંદૂરના છોડ સામાન્ય રીતે કર્ણાટક, કેરળ અને મહારાષ્ટ્ર જેવા રાજ્યોમાં જોવા મળે છે. આ એક એવો છોડ છે, જેના ફળમાંથી સિંદૂર જેવો લાલ રંગનો પાવડર અને પ્રવાહી બનાવવામાં આવે છે. ઘણાં લોકો તેને લિક્વિડ લિપસ્ટિક ટ્રી પણ કહે છે. સિંદૂર એક બારમાસી છોડ છે. જે વાવ્યા બાદ ૩ વર્ષમાં ફળ આપવાનું શરૂ કરે છે. સિંદૂરનો છોડ સરળતાથી જોવા નથી મળતો, તેના એક છોડમાંથી એક વારમાં દોઢ કિલો જેટલા સિંદૂરના ફળ કાઢી શકાય છે. તેની કિંમત ૪૦૦ રૂપિયા પ્રતિ કિલોથી વધારે હોય છે. સિંદૂરના છોડના ફળમાંથી જે બિજ નીકળે છે, તેને પીસીને સિંદૂર બનાવવામાં આવે છે. આમ, સિંદૂર સંપૂર્ણપણે કુદરતી હોય છે. તેનાથી કોઈ નુકસાન પણ થતું નથી. સિંદૂરના છોડ પર ફળ ઝુમખામાં આવે છે, જે શરૂઆતમાં લીલા રંગના હોય છે. બાદમાં આ ફળ લાલ રંગમાં બદલાઈ જાય છે, આ ફળની અંદર સિંદૂર હોય છે. સિંદૂર નાના નાના દાણાના આકારમાં હોય છે. જેને પીસીને કોઈ પણ મિલાવટ વિના તેને ઉપયોગમાં લઈ શકાય છે. આ છોડને બે પ્રકારે વાવી શકાય છે.સિંદૂરના છોડને બિયારણની મદદથી લગાવી શકાય છે અને તૈયાર છોડની કલમ રોપીને પણ લગાવી શકાય છે. સિંદૂરના છોડ ઘરમાં સરળતાથી ઉગાડી શકાતા નથી, કારણ કે તેના માટે ખાસ પ્રકારનું હવામાન જરૂરી છે. જો આ છોડને વધારે પાણી કે ખાતર આપવામાં આવે, તો આ છોડ મરી જશે અને ઓછું આપ્યું તો ફળ નહી આવે.



તા. ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસે ડાકોર પોલીસ સ્ટેશનમાં પી. આઈ. શ્રી ભિમાની સાહેબ તથા નીકો ઓરગો કંપની ના મેનેજર શ્રી સુનિલ જોશી, આ. મેનેજર શ્રી પ્રતિક પટેલ  સાથે મળી વૃક્ષારોપણ કર્યું હતું તેમજ પોલીસ સ્ટાફગણ પણ હાજર રહેલ હતો.

# ગાંધીનગરમાં 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત ભવ્ય ફિટનેસ રનનું આયોજન

ગુજરાતને સ્વસ્થ અને તંદુરસ્ત બનાવવાના સંકલ્પ સાથે, ગુજરાત સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગ તથા ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત એક ભવ્ય ફિટનેસ રનનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ફિટનેસ રન સવારે



૮:૦૦ કલાકે સરદાર પટેલ પ્રતિમાની સામે, ઉદ્યોગભવન પાસે, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતેથી શરૂ થઈ હતી.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં શારીરિક સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવાનો અને તેમને તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો હતો. આ ફિટનેસ રનને 'સ્વસ્થ ગુજરાતના સંકલ્પ તરફ એક કદમ' તરીકે ઉજવવામાં આવી હતી.આ ભવ્ય આયોજનમાં ગાંધીનગર મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ગૌરાંગભાઈ વ્યાસ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, શાસકપક્ષના નેતા શ્રી અનિલસિંહ વાઘેલા, મ્યુ. કમિશનરશ્રી જે. એન. વાઘેલા, ડે. કમિશનરશ્રીઓ, શહેર પ્રમુખ શ્રી આશિષભાઈ દવે, કાઉન્સિલરશ્રીઓ, અધિકારીશ્રીઓ, કર્મચારીગણ તેમજ મોટી સંખ્યામાં ગાંધીનગરના જાગૃત નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. આ તમામ મહાનુભાવો અને નાગરિકોએ સાથે મળીને દોડીને સ્વાસ્થ્ય પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. આજના ઝડપી અને બેઠાડુ જીવનશૈલીમાં મેદસ્વિતા એક ગંભીર પડકાર બની રહી છે. આ 'ફિટનેસ રન'નો હેતુ લોકોને સમજાવવાનો હતો કે સ્વાસ્થ્ય એ માત્ર રોગોની ગેરહાજરી નથી.



ડૉ. રિયા લક્ષ્મણભાઈ પ્રજાપતિ માંડલવાળાએ એમડી મેડિસિનની ડિગ્રી પૂર્ણ કરી છે અને તેઓ  સુપર સ્પેશિયાલિસ્ટ ન્યુરોલોજીસ્ટ માં પ્રવેશ મલેલ છે. ખુબ ખુબ અભિનંદન

# લોકસભામાં આપેલ માહિતી મુજબ ગુજરાત રાજ્યના જંગલોની ૧૩૦૦૮.૧૧૯ હેક્ટર (૧૩૦૦૮૧૧૯૦ ચોરસ મીટર) જમીન ઉપર દબાણ છે, દાદાનું બુલડોઝર ક્યારે ફરશે ?

આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસવાર્તા સંબોધતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ સવાલ ઊભો કર્યો છે કે પર્યાવરણ દિન મનાવતી ભાજપ સરકારને ખરેખર પર્યાવરણ ચિંતા છે ખરી? લોકસભામાં પ્રસ્તુત જવાબો સરકારની પર્યાવરણ અંગે કેટલી ગંભીર છે તેની હકીકત છતી કરે છે. ગુજરાત રાજ્યના જંગલોની ૧૩૦૦૮.૧૧૯ હેક્ટર (૧૩૦૦૮૧૧૯૦ ચોરસ મીટર) જમીન ઉપર દબાણ છે. દાદાના બુલડોઝર વાહવાહી લૂંટવામાં વ્યસ્ત છે ત્યારે વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે દબાણ હેઠળના જંગલો દાદાને ધ્યાનમાં નથી આવતા? કોના દબાણો કેમ હટાવવામાં નથી આવતા? ગુજરાત રાજ્યનું સરકારએ જંગલ માટે પ્રેમ હતો તો જંગલોની ૩૭૨૫.૯૫ હેક્ટર (૩૭૨૫૯૫૦૦ ચોરસ મીટર) ને ખાનગી કોમર્શિયલ પ્રોજેક્ટ્સને કેમ આપી દીધી છે? જંગલના હકદાર આદિવાસીઓ જંગલની જમીન થી વંચિત રહે અને જંગલો ઉપર દબાણ થઈ જાય, ખાનગી ઉદ્યોગોને આપી દેવામાં આવે તે ભાજપ સરકારનો કેવો પ્રકૃતિ પ્રેમ.ગુજરાત રાજ્યમાં ૪૬૦૦ થી વધારે ફેક્ટરીઓ પર્યાવરણ માપદંડનું સંપૂર્ણ પાલન ના કરતી હોય ત્યારે સૌથી મોટી જવાબદારી ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની હોય છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની સ્થિતિ દયનીય છે, માત્ર ૪૦ ટકા સ્ટાફ થી ચાલે છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ જેમાં ૪૩૦ મંજૂર જગ્યા માંથી ૨૬૦ જગ્યાઓ ખાલી છે, ૬૦% થી વધુ જગ્યાઓ ખાલી પડી છે. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પાસે પૂરતો સ્ટાફ જ ના હોય તો પ્રદૂષણ કેમ રોકાય? જંગલ સુરક્ષિત ના હોય, પ્રદૂષણ રોકી શકે તેટલો સ્ટાફ ના હોય, તેવી પરિસ્થિતિમાં ભાજપ સરકાર પર્યાવરણ માટે કેટલી ગંભીર છે તે સ્પષ્ટ દેખાય છે. કેન્દ્ર સરકારની નગર વન યોજનાના ૧૦૦ દિવસ એક્શન પ્લાન હેઠળ ૭ રાજ્યોમાં ૧૩૪.૦૧ કરોડના ૧૧૧ પ્રોજેક્ટ્સ આપવામાં આવ્યા છે તેમાં ગુજરાતનો સમાવેશ નથી. પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી ગુજરાતના હોય ત્યારે આવો હળહળતો અન્યાય કેમ?ગુજરાતની ભાજપ સરકારને પર્યાવરણ અને પ્રકૃતિની બિલકુલ ચિંતા નથી, માત્ર કાગળો ઉપર પ્લાન મૂકીને વાહવાહી લૂંટવી, વૃક્ષારોપણના કાર્યક્રમોમાં ફોટો શોપ કરવા સિવાય સાચી દિશામાં કામ કરવામાં મૂદુ મક્કમ સરકાર સદંતર નિષ્ફળ નીવડી છે.

# ૨૪-કડી (અ.જા.) તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી-૨૦૨૫

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલ કાર્યક્રમ અનુસાર રાજયની ૨૪-કડી (અ.જા.) તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી માટેનું જાહેરનામું તા.૨૬.૦૫.૨૦૨૫ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવતા સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી પાસે ઉમેદવારી પત્રો ભરવાની શરૂઆત થયેલ હતી.સદર વિધાનસભાની પેટા ચૂંટણીના સંદર્ભમાં ચૂંટણી કાર્યક્રમ અનુસાર તા.૦૩.૦૬.૨૦૨૫ ના રોજ ઉમેદવારીપત્રોની ચકાસણી તથા તા.૦૫.૦૬.૨૦૨૫ ઉમેદવારીપત્રો પાછા ખેંચવાનો અંતિમ દિવસ હતો. જે અંતર્ગત ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના છેલ્લા દિવસે એટલે કે, આજ તા.૦૫.૦૬.૨૦૨૫ ના રોજ સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી દ્વારા નીચે મુજબના ઉમેદવારો હરીફ ઉમેદવારો તરીકે નિયત કરવામાં આવેલ છે.

૧.ચાવડા જગદીશભાઈ ગણપતભાઈ
આમ આદમી પાર્ટી
૨૪-કડી (અ.જા.)
૨.રમેશભાઈ મગનભાઈ ચાવડા
ઈન્?ડિયન નેશનલ કોંગ્રેસ
૨૪-કડી (અ.જા.)
૩.રાજેન્?દ્રકુમાર (રાજુભાઈ) દાનેશ્વર ચાવડા
ભારતીય જનતા પાર્ટી
૨૪-કડી (અ.જા.)
૪.ડૉ. ગિરીશભાઈ જેઠાભાઈ કાપડીયા
પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટી
૨૪-કડી (અ.જા.)
૫.જયેન્?દ્ર કરશનભાઈ રાઠોડ
રાઈટ ટુ રીકોલ પાર્ટી
૨૪-કડી (અ.જા.)
૬.પ્રવિણભાઈ ઈશ્વરભાઈ ચૌહાણ
ભારતીય જન પરિષદ
૨૪-કડી (અ.જા.)
૭.મકવાણા કમલેશભાઈ
સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી
૨૪-કડી (અ.જા.)
૮.મકવાણા દશરથભાઈ ગણપતભાઈ
આપકી આવાઝ પાર્ટી
૨૪-કડી (અ.જા.)
૯.ઈટાલીયા ગોપાલ
આમ આદમી પાર્ટી
૮૭-વિસાવદર
૧૦.કિરીટ પટેલ
ભારતીય જનતા પાર્ટી
૮૭-વિસાવદર
૧૧.નીતીન રાણપરીયા
ઈન્?ડિયન નેશનલ કોંગ્રેસ
૮૭-વિસાવદર
૧૨.કિશોરભાઈ કાનકડ
પ્રજાશક્તિ ડેમોક્રેટિક પાર્ટી
૮૭-વિસાવદર
૧૩.તુલસી લાલૈયા
અપક્ષ
૮૭-વિસાવદર
૧૪.નિરૂપાબેન નટવરલાલ માધુ
અપક્ષ
૮૭-વિસાવદર
૧૫.પટેલ બિનલકુમાર વિષ્ણુભાઈ
અપક્ષ
૮૭-વિસાવદર
૧૬.પરમાર રાજેશકુમાર પ્રેમજીભાઈ
અપક્ષ
૮૭-વિસાવદર
૧૭.નારીગરા ભરતભાઈ એસ. પ્રજાપતિ
અપક્ષ
૮૭-વિસાવદર
૧૮.યુનુસભાઈ હુસુનભાઈ સોલંકી
અપક્ષ
૮૭-વિસાવદર
૧૯.રજનીકાંત વાધાણી
અપક્ષ
૮૭-વિસાવદર
૨૦.રાજ પ્રજાપતિ
અપક્ષ
૮૭-વિસાવદર
૨૧.સુરેશ માલવીયા
અપક્ષ
૮૭-વિસાવદર
૨૨.સોલંકી રોહિત બધાભાઈ
અપક્ષ
૮૭-વિસાવદર
૨૩.સંજય હિતેષભાઈ ટાંક અપક્ષ
૮૭-વિસાવદર
૨૪.હીતેશભાઈ પ્રેમજીભાઈ વઘાસીયા
અપક્ષ
૮૭-વિસાવદર

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર લોકસભાની સામાન્ય ચૂંટણી તથા વિધાનસભાની પેટા ચૂંટણી-૨૦૨૫ ના સંદર્ભમાં ઉમેદવારો દ્વારા પોતાના ઉમેદવારીપત્રો સાથે સોગંદનામું (એફિડેવિટ- ફોર્મ-૨૬) પણ રજૂ કરવાનું રહે છે.

# માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર ખાતેના ન્યૂ.મી.રિ. શાખાના વર્ગ - ૪ના કર્મચારી શ્રી આશુતોષભાઈ પરમારનો વિદાય સમારોહ યોજાયો

આજે માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે ન્યૂઝ અને મીડિયા રિલેશન શાખામાં વર્ગ - ૪ તરીકે ફરજ બજાવતા શ્રી આશુતોષ પરમારના નિવૃત્તિના અવસરે વિદાય સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી આશુતોષ પરમારે છેલ્લા ૩૦ વર્ષ કરતા વધુ સમય સુધી રાજય સરકારની નોકરીમાં નિષ્ઠાપૂર્વક અને પ્રમાણિક રીતે ફરજ બજાવી હતી.

આ પ્રસંગે શાખાના વડા શ્રી દિલીપભાઈ ગજ્જરે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, કાકાના હુલામણા નામથી જાણીતા આશુતોષભાઈએ આ કચેરી ખાતે સદાય હસતા ચહેરે ઉત્તમ કામગીરી કરી છે. તેમણે આશુતોષભાઈને નિવૃત્તિ પછીનું જીવન આરોગ્યદાયક, શાંતિપૂર્ણ અને પરિવાર સાથે આનંદમય રહે તેવી શુભકામનાઓ પાઠવી હતી.આ સન્માન સમારંભ દરમિયાન સહાયક માહિતી નિયામક શ્રી જનકભાઈ દેસાઈ અને શ્રી ધવલભાઈ શાહ સહિત કર્મચારીશ્રીઓ દ્વારા શ્રી આશુતોષભાઈને શાલ ઓઢાડી, મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# માતૃવન વનકવચ યોજનાનો પ્રારંભ : સચિવાલય પરિસરમાં ૧૬ હજાર વૃક્ષો વાવવાનું આયોજન, CM ભૂપેન્દ્ર પટેલે કર્યો શુભારંભ




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ પાંચમી જૂને 'એક પેડ માં કે નામ ૨.૦' અંતર્ગત ગાંધીનગરમાં સચિવાલય સંકુલના પટાંગણમાં માતૃવન વનકવચ નિર્માણનો પ્રારંભ કરાવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૨૪ના વિશ્વ પર્યાવણ દિવસે દેશવાસીઓને 'એક પેડ માં કે નામ' અભિયાનમાં જોડાઈને પોતાની માતાના નામે ઓછામાં ઓછું એક વૃક્ષ વાવીને ધરતી માતાને હરિયાળી બનાવવાનું આહવાન કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં ગુજરાતે આ અભિયાનમાં ૧૭.૪૮ કરોડ રોપાઓના વાવેતર સાથે દેશભરમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. વડાપ્રધાનની પ્રેરણાથી આ વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસથી 'એક પેડ મા કે નામ ૨.૦' અભિયાનની શરૂઆત થઈ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં આ અભિયાનનો પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભવિષ્યમાં આવનારા પર્યાવરણના પડકારોના નિવારણનું આગવું વિઝન પર્યાવરણ સુરક્ષા સાથેના વિકાસને ધરાતલ પર ઉતારવાના સંકલ્પો સાથે આપણને આપ્યું છે.તેમણે 'એક પેડ માં કે નામ' જેવા અભિયાનને વેગવાન બનાવીને દેશવાસીઓને પર્યાવરણ જતન-સંવર્ધનમાં જોડ્યા છે અને આ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસથી 'પ્લાસ્ટિક પ્રદૂષણ મુક્ત ભારત-ગુજરાત'ની પ્રેરણા આપી છે તેમ પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું.મુખ્યમંત્રીએ કહ્યું કે, 'એક પેડ માં કે નામ ૨.૦' અભિયાન અન્વયે સચિવાલય સંકુલમાં સિંદૂરના ૨૦૦ રોપાઓ સાથે ૪ હજાર રોપાઓના માતૃવન વનકવચનો વૃક્ષારોપણથી પ્રારંભ કર્યો છે. સમગ્રસચિવાલયસંકુલ પરિસરમાં વન વિભાગના સહયોગથી ૧૬ હજાર જેટલા વૃક્ષો સાથેનું માતૃવન વન કવચ બનાવવામાં આવશે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એમ પણ જણાવ્યું કે, વડાપ્રધાનએ મિશન લાઈફ અંતર્ગત આપણા રોજબરોજના જીવનમાં પર્યાવરણ જાળવણીના ઉપાયો અપનાવીને પર્યાવરણના જતન-સંવર્ધન માટેનો પર્યાવરણ પ્રિય વિચાર આપ્યો છે.એટલું જ નહિ, સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે વેપાર-ઉદ્યોગોને પર્યાવરણ સાથે સાંકળીને વડાપ્રધાનએ પર્યાવરણ સંચય અને પ્રકૃતિરક્ષાના આપેલા વિચારને અનુસરવાનો તેમણે અનુરોધ કર્યો હતો.

# GNLUના મેટ્રો સ્ટેશન પરથી ૩.૮૧ લાખનો મુદ્દામાલ ચોરાયો,પોલીસ તપાસ શરૂ




ગાંધીનગરના કોબા ગામ સ્થિત GNLU મેટ્રો સ્ટેશન પરથી લિફ્ટના સામાનની ચોરીની ઘટના સામે આવી છે. ૩૧ મે વહેલી સવારે ૬:૩૦ વાગ્યે ઓમેગા લિફ્ટ કંપનીનો રૂ. ૩.૮૧ લાખનો સામાન ચોરાયેલો જોવા મળ્યો હતો.

સિક્યુરિટી ગાર્ડ રવીન્દ્રસિંહ બીહોલાની ફરિયાદ મુજબ, મેટ્રો સ્ટેશનની નીચે ટ્રેકના નીચેના ભાગે સામાન રાખવામાં આવ્યો હતો. સામાન ત્રણ અલગ-અલગ જગ્યાએ લાકડાની પેટીઓમાં સુરક્ષિત હતો. તસ્કરોએ આ પેટીઓ તોડીને અંદરનો સામાન ચોરી લીધો હતો. ચોરાયેલા સામાનમાં ૪૮૦ નોન-સ્ટાન્ડર્ડ ગેસ્કેટ, ૪૫૬ એંકર બોલ્ટ અને ૯૧૨ હેક્ઝ નટ હતા. ઉપરાંત ૯૧૨ હેવી ટાઈપ સ્પ્રિંગ વોશર, ૪૫૬ સિવિલ ગાસ્કેટ અને ૫૦૦ ટ્રીમીંગ ગાસ્કેટની ચોરી થઈ હતી.સિક્યુરિટી ગાર્ડે તુરંત સુપરવાઈઝર કૈલાશભાઈને જાણ કરી હતી. સુપરવાઈઝરે ઓમેગા કંપનીના અધિકારીઓને માહિતી આપી હતી. ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે અને પોલીસે તપાસ શરૂ કરી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.